# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

રટે જીભે નામ પણ હૃદયમાં ગાંધી નથી હોતા,
ઉજવાય તિથિ, આચરણમાં, ગાંધી નથી હોતા,
ગાંધી નથી હોતા શબ્દોમાં, રમે 'રામ'થી રમત -
બંધાવે મંદિર પણ અંદર, ગાંધી નથી હોતા..
(ગાંધી જયંતિ)

**હાઇકુ**

રમે છે ખો-ખો,
ટિકીટ ના મેદાને -
નલિન ભટ્ટ!

હવે ઉપડી..
પોલીસ વણઝાર -
આર્થર રણે..

## ચિંતન

**વિતરતિ યાવદ્દાતાઃ તાવત્ કલોઅપિ ભવતિ કલ ભાષી ।**
**વિરતે પયસિ ધનેભ્યઃ શામ્યન્તિ શિખંડીનાં ધ્વનયઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'જયાં સુધી દાન આપનાર, દાન આપતો રહે છે ત્યાં સુધી તેનો લાભ લેનારા મીઠું-મીઠું મધુરવાણી દ્વારા તેના વખાણ કરે છે તેને સારું લાગે એવું વચન બોલે છે. (અર્થાત જયાં સુધી કોઇ વ્યક્તિમાંથી આપણને ફાયદો મળ્યા કરતો હોય ત્યાં સુધી જ તે સારો લાગે છે, જયારે તેના તરફથી મળતા લાભ બંધ થાય ત્યારે તે જ વ્યક્તિ દુશ્મન બની જાય છે.'

અહીં વર્ષાઋતુની ગાજવીજ સાથે જ મોર પણ મોટે મોટેથી ટહુકવા લાગે છે, પણ વરસાદની ઋતુ વિત્યા પછી વાદળ તો આકાશમાં દેખાય જ છે પણ મયૂર તેને જોઇને ટહુકતો નથી.

કોઇ દાતા હોય, સરકારી અધિકારી કે વેપારીઓ - જયાં સુધી ફાયદો આપે અપાવે ત્યાં સુધી સ્વાર્થી વ્યક્તિને એ સારા લાગે છે અને તેના વખાણ પણ કરે છે. સત્તા-હોદ્દો-પદ-સમૃધ્ધિ ગુમાવનારની એના ફાયદો લેનારા પણ ટીકા કરવા લાગે છે. દુનિયાનો આ સ્વાર્થી વ્યવહાર જ છે.

## સુવિચાર

- પાપ કર્યા પછી પણ જેને પશ્ચાતાપ નથી થતો તે દાનવ છે - **હિતોપદેશ**
- બીજાની મહેનતનું ફળ ખાવાની જયારથી માણસને વૃત્તિ જાગી ત્યારથી પાપની શરૂઆત થઇ - **થોમસ રીંક**
- પાપની ખૂબી એ છે કે જે પાપ આપણે કરીએ છીએ તે તુચ્છ લાગે છે, પણ એવાં જ પાપ બીજો કોઇ કરે ત્યારે ખૂબ મોટાં લાગે છે - **માદામ નેકર**
- પ્રજાએ કરેલાં ફળ તેના રાજાએ ભોગવવા પડે છે અને રાજાએ કરેલાં ફળ તેના સચિવોને - **ચાણક્ય**
- હું પાપના પરિણામથી નહીં, પણ પાપના વિચારમાંથી મુક્તિ ઝંખુ છું - **ગાંધીજી**
- પાપ આચરણમાં થાય એના કરતાં પણ વધારે આપણા મનોભાવ અને દૃષ્ટિથી વધારે થાય છે - **એસ. ભટાચાર્ય**
- પાપનો એકરાર એટલે મુક્તિના શ્રી ગણેશ - **લ્યૂથર**

## બોધ કથા

આજના રાજકારણીઓ બદનામીથી બચવા અને મરતાં પહેલાં જ અમર થઇ જવા બાગ-બગીચા-ચોક-યોજનાઓને પોતાનાં નામ આપે છે એટલું જ નહીં પોતાનાં જ પૂતળાં પણ મુકાવી દે છે! બોલો!

મહાન સમ્રાટ સિકંદરને મળવા એક વિદેશી ઇતિહાસકાર આવ્યો અને તેના પરાક્રમોની નોંધ તૈયાર કરતો હતો.

સાંજે સિકંદર તેને એક વિશાળ બગીચામાં લઇ ગયો ત્યાં પોતાની રાજધાનીના અત્યારના હયાત પરાક્રમી સૈનિકો-સેનાપતિઓ, કવિ-સાહિત્યકારો, વિજ્ઞાનીઓ, સેવાભાવી નેતાઓના પૂતળાં હતાં અને તેની સાથે તેમનો પરિચય પણ હતો. એવી રચના હતી કે માત્ર બગીચાની જ મુલાકાત લેવાથી સિકંદરની સંપૂર્ણ રાજધાનીનો પરિચય મળી જાય!

એ બગીચાની બધી જ પ્રતિમાઓ જોયા પછી ઇતિહાસકારે સિકંદરને પૂછ્યું, સમ્રાટ તમે તો આટલા બધા વિજય હાંસલ કર્યા છે, પરાક્રમી છો છતાં તમે તમારી પ્રતિમા કેમ નથી મુકાવી?

સિકંદરે કહ્યું, તમારા આ પ્રશ્નથી હું ખૂબ ખૂશ થયો છું અને એટલા માટે જ મેં પ્રતિમા મુકાવી નથી કે મારા દેશની આવનારા યુવા પેઢી પૂછે કે સમ્રાટ સિકંદરની પ્રતિમા કેમ નથી મુકી?!

# શાસ્ત્રો કહે છે કે જેનું કોઇ શ્રાધ્ધ કરનાર ન હોય તેનું પુરોહિત - પડોશી - અથવા રાજા (શાસકે) એ કરવું, પણ કરવું અવશ્ય

**શ્રાધ્ધ પર્વ**

**- ફુલશંકર શાસ્ત્રી**

ગત વર્ષે તા.૨૬-૧૦-૨૦૧૨ ના ગાંધીનગર સમાચારમાં કેટલાક લોકો એ સનાતન સંસ્કૃતિનું અવમૂલ્યન કરવાના આશયથી એક જાણીતી સ્કૂલમાં કુમળી વયનાં બાળકો આગળ, એના કુમળા માનસને અવઢવ થાય એવાં પ્રવચનો વેદને નામે કર્યા હતા.

વેદોને ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમમાં વસતાં અકિંચન બ્રાહ્મણોએ કંઠસ્થ રાખી છાત્રો પાસે કંઠસ્થ કરાવી સ્વરો સાથે બોલવાનો અને જીવંત રાખવાનો અગાધ પરિશ્રમ કર્યો છે તેથી જ વેદોને શ્રુતિ કહે છે. આજે પણ નર્મદાકાઠે, સાબરકાંઠામાં, દક્ષિણ ભારતમાં વેદો શ્રુતિ રૂપે બ્રાહ્મણોમાં સચવાઈ રહ્યા છે. તોડી મરોડી મનગમતું ભાષાંતર કરવાથી વેદરક્ષા નથી થતી.

વક્તાઓને પર્યાવરણ, વૃક્ષજતન, વસ્ત્ર પરિધાન, વિનય, વ્યસનમુક્તિ, સ્વાશ્રય, નાગરિક કર્તવ્ય જેવા વિષયોમાંથી એકેય વિષય હાથમાં ન આવ્યો, તે જૂની પીપુડી વગાડી? શ્રાધ્ધની પીપુડી એક મૂર્તિપૂજા વિરોધીનાં ગ્રંથમાં વાગી ચૂકી છે. રાત્રે ન જોતાં પ્રાણીઓ કદી સૂર્યનો સ્વીકાર જ નથી કરતાં.

શ્રાધ્ધ વિષય શ્રધ્ધા સાથે જોડાયેલો તત-જન્ય શબ્દ છે. તેનો પ્રયોગ પિતકાર્ય અને યજ્ઞમાં, ઋષિશ્રાધ્ધ, નાંદીશ્રાધ્ધ, વરણશ્રાધ્ધ, વિષ્ણુશ્રાધ્ધ, વગેરે શ્રાધ્ધો હોય છે પણ તેમાં પિંડોનો પ્રયોગ નથી હોતો. ગતાત્મા, અન્ન અને જલથી વંચિત રહે છે. વક્તાઓના કહેવા મુજબ જીવિતનું જ શ્રાધ્ધ થાય જેને સેવા કહે છે. તો પિતાની સેવા માટે ઉતાવળે ઘરે જતો માણસ કહેશે? કે હજુ મારે પિતાજીનું શ્રાધ્ધ કરવું બાકી છે.

બીમાર દાદાની સેવા કરી બહાર આવી એમ નથી કહેવાતું કે મારા દાદાનું શ્રાધ્ધ કરીને આવ્યો.

સ્કૂલના સાહેબનું બહુમાન કરવાની પત્રિકામાં એમ નથી છપાતું કે સાહેબનું શ્રાધ્ધ ફલાણી તારીખે છે, અસ્તુ.

માતૃદેવો ભવઃ - પિતૃદેવો ભવઃ - આચાર્યદેવો ભવઃ - એમ કહીને પછી કહ્યું કે દેવ પિતૃકાર્યાભ્યાં ન પ્રમદિતવ્યમ્ - એ વાકયમાં પિતૃકાર્ય રૂપે શ્રાધ્ધનો ઉલ્લેખ કર્યો છે. માતા - પિતા - આચાર્યનું તો પ્રથમ ત્રણ વાક્યોમાં કહી દીધું. એનો એ અર્થ કે માતા પિતા આચાર્યની સેવા. એ દેવ પિતૃકાર્યથી ભિન્ન થયા.

પ્રવચન કર્યાએ શ્રાધ્ધ પક્ષ ચાલે છે, એમ કહ્યું તો શ્રધ્ધાથી વડિલોની સેવાના મધર, ફાધર ડે ની જેમ ૧૬ દિવસનો જ સેવા પક્ષ તમે માન્યા કે શું? બીજા દિવસોનું શું? તેમ એના માનવા પ્રમાણે કયારેય મહિના શ્રાધ્ધ - વર્ષ કહેવાય.

પ્રવચનકારોના આદિગુરૂજી એ પોતાના પ્રસિધ્ધ વાગગ્રંથમાં મનુસ્મૃતિના દૃષ્ટાંતો ઘણાં લીધા છએ. તે જ તેમનું સ્મૃતિમાં લખ્યું છે કે -

એકમપિ આશયેદ્, વિપ્રં પિત્ર્થે પાંચ યાજ્ઞિકે અર્થાત્ પિતૃ કાર્યમાં એક બ્રાહ્મણ તો જમાડ્યો (તમે જેને બ્રાહ્મણ કહેતા હો એમાં અવૈદિક છે. એમ કહ્યું તો એક મનુષ્યને તમારા પિતાની સ્મૃતિમાં જમાડો તો કોઈને ખવડાવવાની વેદો ના પાડે છે?

પ્રવચનકારે - પંચયજ્ઞ શબ્દમાં કાગડાને પણ યાદ કર્યો છે કે, પંશુ-પંખી ને ખવડાવવું, તો કાગડો પંખી નથી? તમે ખીરપુરી મુકશો તો મોર, હંસ, કોયલ, પોપટ કોઈ લેવા નહીં આવે હા, કાગડો નહીં ખાય તો જ કાબર ખાઈ જશે.

**નિમન્ત્રિતાન્ હિ પિતરઃ ઉપતિષ્ઠન્તિ તાન્ દ્વિજાન્ ।**
**વાયુવત્ ચાનુ ગચ્છન્તિ તથા સીનાનુપાસતે ॥**

(મનુસ્મૃતિ ૩/૧૮૯)

આ શ્લોકનું મૂલ અથર્વવેદના પિતૃમેધ સૂક્તમાં છે.

આ શ્લોકનો સાર એ છે કે પિતૃઓ આમંત્રિત બ્રાહ્મણોની સાથે સાથે પડછાયા અથવા ઉર્જાની જેમ. આવે, જમે અને જાય ત્યાં સુધી તેનું અનુસરણ કરતા રહે છે.

પુષ્કર ક્ષેત્રમાં પિતૃશ્રાધ્ધ નિમિત્તે ભગવાન શ્રીરામે ત્રણ ઋષિઓને આમંત્રિત કર્યા. એ ત્રણેય જમતા હતા ત્યારે સીતાજીને દશરથ - અજ - રઘુ ત્રણેય વડવાઓનાં એ બ્રાહ્મણોનાં દર્શન થયાં હતાં. (પદ્મ પુરાણ)

મનુસ્મૃતિ અ.૩-૨૭૫ માં કહ્યું કે વિધિપૂર્વક આપવામાં આવે છે તે પરત્ર - પરલોકમાં ગયેલા પિતૃઓને અક્ષય તૃપ્તિ કરાવે છે. યથા - તત્ તત્ પિતૃણાં ભવતિ પરત્ર અનન્તં અક્ષયમ્॥

વેદોની વારે વારે દુહાઈ દેતાં લોકો જે ગુરૂના પંથમાં છે તેમાં વર્ષો સુધી ઊંચામાં ઊંછા હોદ્દા ઉપર સેવા આપનાર પરમ વંદનીય મહાવિભૂતિ એ આપેલા અથર્વ વેદનાં ભાવો રજૂ કરું છું. આ અર્થો એ મહાપુરૂષે જ કરેલા છે.

વેદોમાં આ નથી, તે નથી કરી કરીને વેદરૂપી મહાસાગર કે જે વિવિધ રત્નો ધરાવે છે તેને ખાબોચિયું ન બનાવાય, એમ તો ભારતનું બંધારણ કયાં વેદોમાં છે? માકડ કરડે ને તો માકડ કઢાય ખાટલો બાળી ન નંખાય.

(૧) અથર્વ - કાં.૪ સૂ.૩૪, મંત્ર ૮ - આ મંત્રમાં **ઈદમોદનં નિદધે બ્રાહ્મણેષુ... માં, બ્રાહ્મણેષુ સ્વધયા પિન્વામાનો...**

સ્વધયા - ઓદનં - એવં બ્રાહ્મણ શબ્દો પિતૃ શ્રાધ્ધનાં જ છે. મનુ સ્મૃતિ - ૧-૯૫ માં પમ પિતૃ પાછળ બ્રાહ્મણ ભોજનનો ઉલ્લેખ છે.

(૨) અથર્વ બીજા અને ચોથા સૂક્તમાં - ૩-૫-૧૨-૨૮-૩૪-૩૫-૪૪-૪૮-૪૯-૫૨-૫૬-૬૨ મંત્રોમાં ગતાત્માની પાછળ થથાં પિંડયુક્ત શ્રાધ્ધનો ઉલ્લેખ છે. મંત્ર-૪૮ માં ઉધન્વતીદ્યુલોક અને પીલુમતી આ નક્ષત્ર મંડળનો વિસ્તાર છે. તેમાં ત્રીજા સર્વથી ઉપર પ્રદ્યૌ નામક વિસ્તારમાં પિતૃઓનું સ્થાન છે. ૪૯માં અંતરિક્ષસ્થ પિતૃઓનો ઉલ્લેખ છે. ૬૨-૬૩ માં પિતૃઓનું આવાહન વિસર્જન - આયાત પિતરઃ ...પથિભિ ર્દેવયાણેઃ । પરાયાત પિતરઃ પથિભિ પૂર્યાણૈઃ

સૂ.૪ બાવનમાં મંત્રમાં બ્રહ્મશક્તિનો ઉલ્લેખ છે કે જેને અન્ન અર્પણ થાય છે. સૂ.૪ મં.૫૬ માં - જમણાં હાથમાં અર્પણ કરાતી દક્ષિણાનો ઉલ્લેખ છે. સૂ.૨ - મં.૨૧ માં... સંગરછસ્વ પિતૃભિઃ સંયમેન... આ મંત્રમાં બારમાને દિવસે થતાં સપિંડીકરણ (પિંડ ભેળવવાનો આજના રીમોટના સિદ્ધાંત જેવા વિધાનનો ઉલ્લેખ છે)

સત્યાર્થ પ્રકાશમાં દયાનંદે મનુસ્મૃતિને ટાંકીને ગુરુને (મૃતકને) કાંધ આપનાર શિષ્ય દશ દિવસે શુધ્ધ થાય એવું લખ્યું છે અને માન્યું છે. એ શ્લોકમાં પિતૃમેધ શબ્દ છે જેથી સૂચિત થાય છે કે પિતૃમેધ (શ્રાધ્ધ) મર્યા પછીનાં નું જ થાય, તો આ ચેલાઓ ચીની કયારે બની ગયા અને વેદની વારે વારે દુહાઈઓ દે છે.

આ વિષયમાં તથા સત્યાર્થ પ્રકાશના સત્યાર્થોને જાણવા માટે વિ.સ. સંવત્ ૧૯૬૨ માં સત્યાર્થ પ્રકાશનાં ઉત્તર રૂપે પૂ.પં. શ્રી જવાલા પ્રસાદજી મિશ્રકૃત 'દયાનંદ તિમિર ભાસ્કર' વાંચવું. શાસ્ત્રો કહે છે કે જેનું કોઈ શ્રાધ્ધ કરનાર ન હોય તેનું પુરોહિત - પડોશી - અથવા રાજા (શાસકે) એ કરવું, પણ કરવું અવશ્ય.

સનાનત ધર્મી જનતાને પણ જણાવવાનું કે માત્ર કાગડાને પુરી ખવડાવવાને શ્રાધ્ધ ન માની લેવું. તે તો વાયસ ભાગ - વાસ છે. પોતાનાં જીવિત માતા-પિતા પ્રતિશ્રધ્ધા સન્માન જાળવી તે અશક્ત બને ત્યારે સર્વ અવયવોની સાથે મન-બુધ્ધિ પણ અશક્ત બને. એ જ સમયે તમારી તેને ટેકાની આવશ્કયતા છે. તન અને મનથી સેવા કરવી તો જ મૃત્યુ પછી કરેલું શ્રાધ્ધ સફળ બને છે. ભારતમાતા કે અંબા માતાની જય બોલાવતાં પહેલાં જન્મ દેનારીની જય આવશ્યક છે. મહાપુરૂષો કરતાં તેની મા મહાન છે. કારણ કે જગતને આવો પુત્ર આપી ત્યાગ કર્યો છે.

શ્રાધ્ધ કરવા ધન કે વસ્તુઓ ન હોય ત્યાં શાસ્ત્રકારો એ આજ્ઞા કરી છે કે -

**તસ્માત્ શ્રાધ્ધં નરો ભક્ત્યા શાકૈરપિ યથાવિધિ ।**

શ્રાધ્ધ શાકભાજી અર્પણ કરીને પણ કરીશકાય.

શાકના પૈસા ન હોય તો- **'તૃણ કાષ્ઠાર્જનં કૃત્વા.'**

ઘાસ કાપી લાવી ગાયને ખવડાવો.

ઘાસમાં પણ અસમર્થ હોય તો વિષ્ણુ પુરાણ પ્રમાણે -

**ન મેસ્તિ વિત્તં ન ધનં ચ નાન્યત્ શ્રાધ્ધોપયોગ્યં, સ્વપિતૃન્ ન તોસ્મિ ।**

તૃપ્યન્તુ ભક્ત્યા પિતરો મયે તૌ કૃતૌ ભુજૌ વર્ત્મનિ મારૂતસ્ય ॥

અર્થાત્ -

હે પિતૃગણ મારી પાસે કાંઇ નથી આ બે હાથ શ્રધ્ધા અને ભક્તિથી ઊંચા કરી તેના વડે આપને તૃપ્ત કરવાં માગું છું. આપ તૃપ્ત થાઓ. (વિષ્ણુ પુરાણ - ૩/૧૪/૩૦)

હવે શ્રાધ્ધના બે-ત્રણ બનાવોનો ઉલ્લેખ કરૂં છું.

(૧) શ્રી ગીતાપ્રેસ ગોરખપુર, ના સંચાલક હનુમાનપ્રસાદ પોદદાર. જાતિથી વણિક હતા. ભક્ત હતા. મુંબઇ ચોપાટી પર પૂર્ણિમાની રાત્રે એકાંતમાં જપ કરતા હતા. ત્યાં દરિયાની સપાટી પરથી એક તેજપૂંજે આવી માનવ આકાર ધારણ કરી કહ્યું કે, હું પારસી ધર્મગુરૂ છું. છ માસ પહેલા મારૂં મૃત્યુ થયું છે. મુંબઈમાં ફલાણી જગ્યાએ હું રહેતો હતો. હિન્દુઓની શ્રાધ્ધ વિધિમાં મને શ્રધ્ધા છે. આપ મારૂં ગયાજીમાં શ્રાધ્ધ કરાવો. તેના અદશ્ય થયા. પછી ગયા શ્રાધ્ધ કરતાં તે ફરી બીજી પૂર્ણિમાએ આવી તૃપ્ત છું તેમ કહી અદશ્ય થયા.

(૨) ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. આર્યસમાજમાં જ માનનારા ઉદ્યોગપતિ ગુજરી ગયા ત્યાર પછી તેના પુત્રે અમારા સગા અને તેના બાળ મિત્રને કહ્યું કે હમણાં છ માસથી વ્યવસાય વગેરેમાં ખૂબ અસ્તવ્યસ્ત થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# દેખ તેરે દેશ કી હાલત કયાં હો ગઇ બાપૂ!

**વિચાર યાત્રા**

**- જય ઓઝા**

રાત્રે ઊંઘ આવતી નહોતી, કાલે ગાંધી જયંતિ છે - એ વિચારે મો. ક. ગાંધીને મનમાં યાદ કરતો અગાશી પર ટહેલતો હતો... ત્યાં... તો લાકડી ઠપકારતા ઠપકારતાં પોતડીવાળા કોઈ દાદાનો ભાસ થયો! ધ્યાનથી જોયું તો 'ગાંધીજી' - 'ઓ... ત્તારી' જરાક યાદ કર્યા ને હાજર...

ગાંધીજી કહે - બેટા! હું તો રોજ ટહેલવા નીકળું છું. એક જ જગ્યાએ ઊભા રહીને કે બેસી-બેસીને પગ અને કમ્મર અકડાઇ જાય છે... એટલે પટ છૂટો કરવા નીકળ્યો. ત્યાં મેં જોયું કે કોઈ મને ખરા દિલથી યાદ કરે છે. આમ તો ૩૬૫ દિવસ અને ૨૪ કલાક મારા નામની બૂમો મારતા લોકો છે, પરંતુ નિઃસ્વાર્થ મને કોઈકે યાદ કર્યો એ જોઈ અહીં આવી ચડ્યો!

હું તો હતપ્રભ બની ગયો. મેં કહ્યું બાપુ! હવે આવ્યા જ છો તો આ દેશના આમ આદમીનો આક્રોશ સાંભળતા જાવ...

**આજ બાપુનો જન્મદિન જયારથી સરકાર પાળે છે રજા ત્યારથી કેમેય ભુલાતો નથી**

**હરિન્દ્ર દવે...**

હાં! બાપુ સાચી વાત આજ છે... બીજી ઑક્ટોબર અમે કયારેય ભૂલતાં નથી... અરે! તમારો જન્મદિવસ છે એટલે નથી ભૂલતાં એમ નથી... એ દિવસે જાહેર રજા હોય છે ને!

નાના હતા ત્યારે સ્કૂલમાં અડધી આંખો ખુલ્લી રાખીને પરાણે તમારા નિર્વાણદિને પ્રાર્થના કરવા ઊભા રહેતા... ગુજરાતીમાં નિબંધ પુછાતો 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી' અને અમે પોપટીયા જ્ઞાનને કાગળ પર ઠાલવીને માર્ક લઈ આવતા... થોડા સમજણા થયા પછી સમજાયું કે - દરેક ચલણી નોટ પર તમારો ફોટો છે, એટલે કંઈક તો દમ તમારામાં હશે... અને સંપૂર્ણપણે બે પગ પર ઊભા થઈ રહ્યાં ત્યારે સરકારી ઑફિસોમાં તમને દિવાલ પર ટીંગાતા જોયા... અમે તમને જાણીએ છીએ, સમજતા નથી...

કારણ કે, તમારા ગયા પછી કહેવાતા ગાંધીવાદી, ખાદીવાદી, અને ટોપીવાદી, રેટિંયાવાદી, અહિંસાવાદી આ બધાએ છેલ્લે તો 'અમથાવાદ' જ ફેલાવ્યો હતો... તમારૂં નામ વટાવી વટાવીને પોતાન ઘર જ નેતાઓએ ભર્યા છે...

ખાસ કરીને નવી પેઢીએ તો તમને ચાર રસ્તે લાકડી લઈને ઊભાં રહેતા, ચલણી નોટો પર, અને સરકારી કચેરીઓમાં બાવા-જાળા વાળી તમારી છબિઓમાં જ જોયા છે... નવી પેઢી તમને ન મસજી શકે તેનું પણ એક કારણ છે -

તમે મહાન હતા અને છો, એમાં શંકાને કોઈ સ્થાન નથી. આવો કોઈ મહાન વ્યક્તિ આ સૃષ્ટિ પર જીવતો હતો એ વાત પણ કદાચ ૨૦-૨૫ વર્ષ પછી કોઈ નહીં માને - એવા ચમત્કારિક કાર્યો તમે કર્યા હતા. પરંતુ તમારી કેળવણીમાં એવી કંઈ કચાશ રહી ગઈ કે તમારા So called અનુયાયીઓમાં મોટે ભાગે દંભ જ વરતાય છે!

અરે! બાપુ તમે 'સત્યના પ્રયોગો' માં તમારા જીવન વિશેની જે ખુલ્લી કિતાબ રજૂ કરી છે, જે નિખાલસતા, જે સત્યતા તેમાં રહેલી છે તે જ તમને 'મહાત્મા' બનાવે છે... દેશ તો કદાચ બીજા ઘણા બધા પરિબળોને કારણે આઝાદ થયો... પરંતુ તમારી સાદગી અને સત્ય પ્રિયતા જ તમને મુઠ્ઠી ઊંચેરા બનાવે છે...

એક વાત કહું બાપુ! એક રીતે સારું જ છે કે તમે રામના દરબારમાં જઈને બેઠા છો. તમને તો ખબર જ હશે કે તમારી નજર સામે જ તમને અવગણીને પણ તે સમયે દેશની હાલત બગાડતા નેતાઓ હતા. ત્યારે તમે લાચાર હતા... હવે તમે હતા ત્યારે પણ તમારી બે આંખની શરમ નહીં ભરનારા તમારા ગયા પછી તો છાકટા થયા અને દેશને પીંકી નાખ્યો છે.

દેશના દરેક ચાર રસ્તે તમને ઊભા રાખી દીધા છે, અને એ ચાર રસ્તે તમારા પૂતળા નીચે જ ટ્રાફિકના નિયમ તોડનાર અને બનાવનાર વચ્ચે પતાવટ ચાલતી હોય છે. (ઉપરથી એક લાકડી છુટ્ટી ફટકારતા હો તો! એમાં કોઈ હિંસા ન થઈ કહેવાય)

તમારા નામ પર સ્કૂલો ખૂલે છે, પણ અંદર પ્રવેશ મેળવવા ડૉનેશન આપવું પડે છે. તમારા નામ પર પુલનું ઉદ્ઘાટન થાય છે, અને તેના પીલર નીચે નદીના પટમાં દારૂની ભઠ્ઠીઓ સળગતી હોય છે. તેનો ધુમાડો ઉપર આવે છે અને તમારી આંખ રડે છે... ન્યાયાલયમાં તમારા ફોટા મોટી મોટી ફ્રેમમાં લગાવવામાં આવે છે... પણ ત્યાં ચાલતો એકેય કેસ પૈસાની કે જુઠ્ઠાણાની દરમિયાનગીરી વગર પતતો નથી.

તમારા નામે આ દેશમાં જે કાંઈ ચાલે છે, તેમાં તમારા બતાવેલા સત્ય, અહિંસા અને સાદગી સિવાય બધું છે. નવી પેઢી વિશ્વાસ કરે તો કયાંથી કરે? એણે તો તમારા નામે ચાલતો નર્યો દંભ જ જોયો છે.

'મોહનદાસ કરમચંદ ગાંધી' કે જેમણે બીજાની વેદના અને ગરીબી જોઈને એક માત્ર પોતડી ભર જીવન વિતાવી દીધું - એ હાડકાંના માળામાં કેવી તાકાત હતી એ નવી પેઢી નથી જાણતી તેના બે કારણ છે - એક રૂઢિચૂસ્ત, ટિપીકલ, ખાદીધારી, સમયના વહેણ સાથે સહેજ પણ ન બદલનારા સોટા જેવા કાંટાળા ગાંધીવાદી કે જેમની પાસે જવાનું મન જ ન થાય. અને બીજા એવા દંભી ગાંધીવાદી કે જેમણે તમારી સત્ય અને અહિંસાની વાતો અનુસરવાના બદલે તમને આગળ રાખી રાખીને તમારી સંતાન સમી જનતાએ ખુરશીવાદી અને તકવાદીઓએ તો દાટ વાળ્યો.

તમને નવી પેઢી સમક્ષ તેમની રીતથી, નવી સમજ પ્રમાણે, તકિયાનૂસી રેંટિયાની ગોળગોળ વાતો નહીં પણ એ જ રેંટિયાની યુટીલીટી બતાવતી વાત સમજાવીને નવા દૃષ્ટિકોણથી પ્રૉડ્યુસ કરવાનું કામ જો આજના દિવસે હાથમાં લઈએ તો એ અમારી તમને સાચી બર્થ-ડે ગીફ્ટ હશે...

-અરે, અરે! બાપુ સવાર પડવા આવી જલદી જલદી વિધાનસભા અને ઈન્કમટેક્ષ ચાર રસ્તે ગોઠવાઈ જાવ. આજે તો સવારથી જ તમારા ઢોંગી ભકતો... તમને સૂતરની આંટી પહેરાવવા દોડી આવશે... અને તમે ત્યાં ન મળો... તો તે... "વિપક્ષની ચાલ", "પાડોશી દેશનું કાવતરૂં" આવા હેડિંગ હેઠળ ન્યૂઝ ચેનલવાળા કાગારોળ મચાવશે...

તમને શોધવા એટલે કે તમારા પૂતળાને શોધવા કમિશન નીમાશે, અને પાછું તેમાં કૌભાંડ થશે અને પછી તો ગોટાળા - ગોટાળા...


બાપુ પણ પરિસ્થિતિની ગંભીરતા સમજીને ઉતાવળે ઉતાવળે ભાગ્યા... પણ ઉતાવળમાં તેમની લાકડી મારી અગાશીમાં રહી ગઈ... આમ તો બાપુ રસ્તામાંથી નવી સોટી તોડી લેશે... પરંતુ જો એ ભૂલી ગયા... તો... લાકડી વગરના ગાંધીજીની પ્રતિભા જોઈને વળી... હોબાળો મચશે... મારે પાછળ દોડવું જ પડશે...

ઊભા રહો... ગાંધીજી આ લાકડી લેતા જાવ...

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨જી ઓક્ટોબર**




- રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીનો જન્મ. ૨-૧૦-૧૮૬૯.

રામનામ જીવનનો મૂળમંત્ર. બ્રિટિશરોને ભારત છોડી ચાલ્યા જવાની ફરજ પાડનારા સુકલકડી દેહમાં ગજબની તાકાત હતી. હરિજન સેવકસંઘના સ્થાપક અહિંસાના સિધ્ધાંતના પ્રેરક. જન્મદિન વિશ્વ અહિંસા દિન મનાવાય છે.

સાહિત્યક્ષેત્રે રાષ્ટ્રવ્યાપી ચેતનાનો પ્રભાવ 'મહાત્મા' મહામાનવના હૂલામણા નામે ઓળકતાં 'ગાંધી' દૈદીપ્યમાન તારકસમા છે.

- ૧૯૭૧ - બિરલા ભવન - રાષ્ટ્રને સમર્પિત થયું.



- ૧૯૦૪ - બીજા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનો જન્મ.
- ૧૯૪૨ - ફિલ્મ અભિનેત્રી આશા પારેખનો જન્મ.
- ૧૯૩૧ - ચિત્રકળાના પિતામહ ફ્રેન્ચ કલાકાર હેન્રી માડીસનું અવસાન.
- ઇન્ડીયન એરફોર્સ - ભારતીય હવાઇદળની રચના.
- ૧૯૬૪ - ગુજરાતમાં કર્મચારી વીમા યોજનાઓનો પ્રારંભ

# એક પગે ફરજનિષ્ટ રહી ફતેહ મેળવનાર શિક્ષક ગિરીશ બારોટ

**મોંઘેરા મોતી**

**- નટવર આહલપરા**

પ્રતિભા સંપન્ન શિક્ષક શ્રી ગિરીશભાઇ ડાહ્યાભાઇ બારોટે પત્રમાં જણાવ્યું હતું કે, 'આદરણીય શ્રી નંદલાલભાઇ દેવકુલ, સોલંકી યુગમાં સિધ્ધરાજ જયસિંહના સમયમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય દ્વારા 'સિધ્ધહેમ' નામન બૃહદ્ગ્રંથ તૈયારી કર્યા પછી ગુજરાત રાજ્યની પ્રતિભાઓને સાંકળી 'પ્રજ્ઞા-પ્રતિભાઓ કીર્તિકલશ તૈયાર કરવાનું બીજીવાર બડું ઝડપનાર કદાચ આપ જ હશો. આ કાર્યના સમિધનો એક ટુકડો માત્ર બનીશ તો પણ ગમશે જ!'

આ સમિધના એક ટુકડાને મળવું ગમે તેવું વ્યક્તિત્વ છે. તા. ૦૫-૦૬-૧૯૬૫ના રોજ જન્મેલા શ્રી ગિરીશભાઇ છે. એમ.એ., એમ.એડ્. તથા ટાટ પરીક્ષામાંથી સોંસરવા નીકળનાર આ યુવાનનો જુસ્સો અનેરો છે. એમના જીવનનો હૃદયસ્પર્શી વળાંક એમના મુખેથી જ સાંભળીએ. તા. ૧૯-૧૧-૧૯૮૮ ના રોજ અકસ્માત થયો. એક પગ ગુમાવવો પડ્યો વિચાર્યું. 'શિક્ષક કયારેય સાધારણ હોતો નથી.' આ ઉક્તિ જીવનમાં સાર્થક કરવાનું વિચારતા જ બળ મળ્યું. વિવેકાનંદના મંત્રે મને જગાડ્યો. કૃત્રિમ ફૂટ વડે બી.એ. કર્યું. પણ પ્રથમ વર્ગ સાથે પછી તો એમ.એ., એમ.એડ્.ની પદ્વી તો પ્રાપ્ત કરી. પી.એચ.ડી. અને પ્રા. શિક્ષણધિકારી સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા હતા.

ઉપશિક્ષક તરીકે આદર્શ પ્રાથમિક શાળા હાંડિયા, તાલુકો વિરપુર, જિલ્લો ખેડામાં ફરજ બજાવતા શ્રી ગિરીશભાઇ અઠ્ઠાવીસ વર્ષથી શિક્ષણના ઉત્કર્ષ કાર્યમાં જોડાયા છે. વાંચન લેખન, વક્તૃત્વ-નેતૃત્વ, ગીત-સંગીત, સ્કાઉટ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સમાજસેવા, શૈક્ષણિક સંશોધન, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, વૃક્ષારોપણ અને બાળકોની વચ્ચે સતત ધબકતાં આ માણસની તેમજ શાળાની સિધ્ધિઓને બિરદાવીએ.



વર્ષ ૨૦૦૫-૦૬માં તેમજ ૨૦૧૦-૧૧ માં શ્રેષ્ઠ શાળા હરિફાઇમાં તાલુકા કક્ષાએ, પ્રથમ, જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન તો 'આદર્શ વિદ્યાર્થી' વિષય ઉપરની વકતૃત્વ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષામાં ૧૯૯૨ થી ૯૫ માં સતત ત્રણ વર્ષ સુધી પ્રવેશ અપાવી. હેટ્રીક નોંધાવી હતી. બાળમેળા, વિજ્ઞાનમેળા અને રમતગમતમાં પોતાની શાળાને વિજેતા પદ અપાવ્યું હતું.

'સેવા એ જ પરમ ધર્મ' સૂત્રને સાકાર કરી રહેલાં શ્રી ગિરીશભાઇ પોલિયો રસીકરણ, પૂર રાહત, સમૂહ લગ્નોત્સવ, ધાર્મિક મહોત્સાવોમાં દાન આપવાની શરૂઆત પોતાનાથી કરી અને અન્ય પાસે કરાવી. 'અતિત'ના ઉપનામથી શિક્ષણ અને રચનાત્મક બાબતના અસંખ્ય લેખો લખનાર શ્રી ગિરીશભાઇ બારોટ સારા વાચક અને ભાવક પણ છે. કવિ કાસમ જખ્મીનું એક હાઇકું જોઇએ.

ભારે ભરતી
બંધાયેલી નાવડી
ઊછળે... છળે.

પણ, અહીં તો શ્રી ગિરીશભાઇના જીવનમાં સંઘર્ષોની ભરતી આવ્યા પછી હવે તો સફળતાની ભરતી આવી રહી છે. વર્ષ - ૨૦૧૧ માં ચિત્રકૂટ પારિતોષિકથી શ્રી મોરારિબાપુના હસ્તે નવાજાયેલા શ્રી ગિરીશભાઇની રાષ્ટ્રીય શિક્ષણ ભૂષણ એવોર્ડ - ગોવા માટે રાજ્ય સ્તરેથી ચાલુ વર્ષે ભલામણ થઇ છે. બાલાસિનોર તાલુકાના પ્રા.શાળાઓમાં અપવ્યય અને સ્થગિતતાનો અભ્યાસ વિષય ઉપર ડીઝર્ટેશન કરી. ગુજરાત વિદ્યાલયમાં રજૂ કર્યો અને સન્માન મેળવ્યું હતું. શ્રી ગિરીશભાઇ સંગીતમાં રસ ધરાવે છે.

બહુમુખી પ્રતિભાના માલિક શ્રી ગિરીશભાઇ બારોટને કહીએ હજુ ઊંચા ઉડ્ડયન કરો, ઊભા ન રહો, આગળ વધો, અમારી શુભેચ્છા સદાય આપની સાથે છે, હો!

તેમનો મો. નં. છે : ૯૯૧૩૭૦૮૪૭૦